ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લામાં નિરંકુશ કોરોના : નવા ૩૨૦ કેસ

## જિલ્લામાં સારવાર દરમ્યાન બે ના મોત : આજે વધુ ૧૩૯ મહિલા સંક્રમિત થઈ : ગાંધીનગરમાં ૫૬, દહેગામમાં ૩૬, કલોલમાં ૩૦, માણસામાં ૩૮ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં કોરનાની સ્થિતિ નિરંકુશ બની રહી છે. જિલ્લામાં આજે પણ સતત પાંચમા દિવસે ૩૦૦ થી વધુ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરમાં આજે ૧૬૦-૧૬૦ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સારવાર દરમ્યાન બે દર્દીના મોત થયાનું સરકારે સ્વીકાર્યુ છે. ગ્રામ્ય અને શહેર વિસ્તારમાં કોરોના નિરંકુશ બની વિસ્તરી રહ્યો હોવાથી તંત્ર અને દર્દી તેમજ તેમના પરિવારો લાચાર બન્યા છે. જિલ્લાની તમામ હોસ્પિટલો દર્દીઓથી ભરાઈ જવા પામી છે. ટેસ્ટીંગ માટેની કીટો પણ ખૂટી પડવા લાગી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૬૦ કેસોમાં દહેગામમાં ૩૬, કલોલમાં ૩૦, ગાંધીનગરમાં ૫૬ અને માણસામાં ૩૮ કેસનો સમાવેશ થાય છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાંથી ૧૨ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વીસથી ઓછી આયુ ધરાવતા ૧૦ દર્દી નોંધાયા છે. ૨૨ ખેડૂત પણ સંક્રમિતોની યાદીમાં છે. ૮ કર્મયોગી સંક્રમિત થયા છે જેમાં ૩ શિક્ષક, ૧ તલાટી, ૧ આશા કાર્યકરનો સમાવેશ થાય છે. જિલ્લામં ૧૪ વિદ્યાર્થી અને ૭૨ મહિલા દર્દીઓ પણ મળી આવ્યા છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામીણ વિસ્તારમાં મૃત્યુઆંક સતત વધી રહ્યો છે પણ તંત્રએ મૌન ધારણ કર્યુ છે. જિલ્લાના દહેગામ તાલુકામાં આજે ૩૬ કેસ નોંધાતા તંત્ર દોડતુ રહ્યુ હતુ. દહેગામ અર્બનમાંથી આજે વધુ પાંચ કેસ મળી આવ્યા છે.

દહેગામ ગ્રામ્યમાં હિલોલમાંથી ૪, કડજોદરા, પીપળજ, બાબરા, પાટનાકુવા ગામેથી ૨-૨ કેસ ઉપરાંત કડાદરા, કરોલી, મોટા ઝલુન્દ્રા, પાસુંજ, ભાગુજીના મુવાડા, ડુમેચા, લિહોડા, વડોદ, ચીસકારી, હરખજીના મુવાડા, પાલુન્દ્રા, નવાનગર, બબલપુરા, સાંપા, ચેખલાપગી, નાંદોલ, સનોડા, વડવાસા, વાસણા ચૌધરી ગામેથી પણ કેસો મળ્યા છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૫૬ કેસ નોંધાયા છે. કોરોનાથી અત્યંત પ્રભાવિત પાટનગરના તાલુકામાં કોરોનાએ તાલુકાના અર્થતંત્રની કેડ તોડી નાંખી છે. જનજીવન વેર વિખેર બન્યુ છે અને આરોગ્ય સેવાઓ તદન ખોરવાઈ જવા પામી છે.

ગાંધીનગર તાલુકાના વાસણા ગામેથી પાંચ, રૂપાલ અને ચંદ્રાલા ગામેથી ૪-૪ કેસ, ડભોડા, દોલારાણા વાસણા, જાખોરા, માધવગઢ, સાદરા, ટીંટોડા, લવારપુર, રતનપુર ગામએથી ૩-૩ કેસ તેમજ અડાલજ, મગોડી, મોટા ચિલોડા, સોનીપુરમાંથી ૨-૨ કેસ ઉપરાંત સવજીના મુવાડા, વાસણા રાઠોડ, ભોંયણ, પુન્દ્રાસણ, મહુન્દ્રા, ગોળવંટા, ઈસનપુર મોટા, મેદરડા, સોનારડા અને વિરાતલાવડી ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

કલોલમાંથી આજે ૩૦ કેસ મળી આવ્યા છે. રજાનો દિવસ હોવા છતાં તંત્ર આખો દિવસ સતત દોડતુ રહ્યુ હતુ. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો સતત નીકળી રહ્યા છે. કલોલ અર્બન વિસ્તારમાંથી આજે વધુ ૮ કેસ મળી આવતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

કલોલના ગ્રામ્ય વિસ્તારમાં સાંતેજમાંથી ૫, રાંચરડા-સઈજમાંથી ૪-૪ કેસ, મોટી ભોંયણ, છત્રાલમાંથી ૨-૨ કેસ ઉપરાંત બોરીસણા, વડસર, દંતાલી, અલુવા, સોજામાંથી પણ કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાંથી આજે ૩૮ કેસ મળી આવ્યા છે. માણસા અર્બનમાંથી ૩ કેસ મળ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં કેસો જે રીતે નીકળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

માણસા તાલુકાના પુંધરા ગામેથી ૪ કેસ, ગોલથરા, લોદરા, રિદ્રોલ, દેલવાડમાંથી ૩-૩ કેસ તેમજ અંબોડ, માણેકપુર અને પ્રતાપનગરમાંથી ૨-૨ કેસ મળી આવવા ઉપરાંત આજોલ, બાપુપુરા, ચરાડા, બિલોદરા, ગોવિંદપુરા, ફતેપુરા, ઈટાદરા, ખરણ, ખડાત, રંગપુર, બદપુરા, રાજપુરા, વરસોડા અને વેડામાંથી પણ કેસો મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૯૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૬૪૨૫ લોકો કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૩૦ એકટીવ દર્દીઓ સારવાર હેઠળ છે. જ્યારે ૯૪૫૭ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હોમ આઈસોલેશન હેઠળ રહેલા દર્દીઓનું સઘન મોનીટરીંગ કરવાની કડક સૂચનાઓ આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૬૦ નવા કેસ નોંધાયા છે. શહેરમાં સમાવિષ્ટ સેક્ટરોમાં સંક્રમણ વધી રહ્યુ છે તો બીજી તરફ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો ઘટી રહ્યા છે અને આ વિસ્તારોમાં સંક્રમણ દર સ્થિર થયાનું અનુમાન છે.

શહેરમાં આજે સંક્રમિત થનારા પૈકી ૨ દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં દાખલ કરવામાં આવ્યા છે. જે પૈકી એકને હોસ્પિટલમાં તો એકને કોવિડ કેર સેન્ટરમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં ૧૧ વિદ્યાર્થી, ૭ શિક્ષક, ૪ પોલીસ કર્મયોગી, ૩ તબીબી અને ૬૭ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સરકારી કર્મચારીઓ, સિનીયર એકઝીક્યુટીવ, પેઈન્ટર, બ્યુટીપાર્લરની સંચાલક, મેનેજર, કોન્ટ્રાકટર, વેપારીનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં સમાવિષ્ટ સેક્ટરોમાં સે. ૭, ૨૦ માં ૮-૮ કેસ, સે. સે. ૨ અને ૩-એન્યુ માં ૭-૭ કેસ, સે. ૧૨, ૩૦ માં ૬-૬ કેસ, સે. ૫, ૮, ૧૪, ૨૩, ૨૪, ૨૬ માં ૫-૫ કેસ, સે. ૩, ૧૭, ૧૯ માં ૪-૪ કેસ, સે. ૨૨ અને ૨૯ માં ૩-૩ કેસ, સે. ૬, ૧૩, ૧૬, ૨૧, ૨૭ માં ૨-૨ કેસ તેમજ સે. ૧, ૨૮ અને ૨૫ માંથી પણ કેસ મળી આવ્યા છે.

આ ઉપરાંત શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં વાવોલમાં ૧૦, સરગાસણ-કુડાસણમાંથી ૯-૯ કેસ, પેથાપુરમાં ૭, પાલજમાં ૫, રાંદેસણમાં ૪, જીઈબીમાં ૩, બોરીજ-ઈન્ફોસીટી, કોલવડામાંથી ૨-૨ અને ઝુંડાલમાંથી ૩ તેમજ રાંધેજામાંથી એક કેસ મળી આવેલ છે. આજે વધુ ૧૦૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

**સે. ૭ અને ૨૦ માં ૮-૮, સે. ૨ અને ૩-એ-ન્યુ માં ૭-૭ કેસ, સે. ૧૨, ૩૦ માં ૬-૬ કેસ, સે. ૫, ૮, ૧૪, ૨૩, ૨૪, ૨૬ માં ૫-૫ કેસ : વાવોલમાં ૧૦, સરગાસણ-કુડાસણમાં ૯-૯ કેસ, પેથાપુરમાં ૭, પાલજમાં ૫ કેસ નોંધાયા**

## ગાંધીનગરની હોસ્પિટલમાં જગ્યાના અભાવે દર્દીઓના જીવ પડીકે બંધાયા

### ખાનગી વાહનો તેમજ એમ્બ્યુલન્સમાં એક થી બીજી હોસ્પિટલના ચક્કર લગાવતા દર્દીઓના સગા સબંધીઓ દયાજનક સ્થિતિમાં : પરિસ્થિતિમાં હજુ સુધાર આવ્યો નથી

ગાંધીનગર તા ૧

સમગ્ર રાજયમાં કોરોનાના વધતા કહેરથી નાગરિકો ભયભીત છે. એકબાજુ કોરોનાનુ સંક્રમણ ઘટવાનુ નામ લેતુ નથી. કોરોનાએ કાળોકેર વર્તાવ્યો છે. કોરોનાના દર્દીઓ અને મૃત્યુઆંકની સંખ્યા રોજબરોજ વધી રહી છે. આંખ સામે આવતા આંકડાઓ હજુ પણ સત્યથી દુર હોવાનુ સ્પષ્ટ થઈ ચુકયુ છે. આવા કપરા સંજોગોમાં દર્દીઓ દવા અને ઓક્સિજન વગર મોતને ભેટી રહ્યા છે. હોસ્પિટલમાં જગ્યાના અભાવે દર્દીને એન્ટ્રી મળતી નથી. ખાનગી હોસ્પિટલો તેમજ સિવિલ સંકુલમાં એમ્બ્યુલન્સની કતાર જોવા મળે છે. બીજીતરફ સ્મશાનમાં પણ અગ્નિસંસ્કાર માટે મૃતદેહોની લાઈન યથાવત છે. ઓક્સિજન વિના દર્દીઓ ટળવળી રહ્યા છે. યોગ્ય સારવારના અભાવે દર્દીઆ મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. કોરાનાથી બચવા માટે નાગરિકો ઘરમાં પુરાયેલા જ રહે છે. પરંતુ કોરોનાનુ સંક્રમણ લાગ્યા બાદ હોસ્પિટલમાં જગ્યા ન મળતી હોવાની સ્થિતિ કોરોનાના દર્દીઓ માટે જાનલેવા પુરવાર થઈ રહી છે. આવા સંજોગોમાં કોરોનાગ્રસ્ત દર્દીઓના સગા સંબંધી દર્દીઓને લઈને એકથી બીજી હોસ્પિટલ દોટ લગાવી રહ્યા છે. પરંતુ પુરતી વ્યવસ્થાના અભાવે દર્દીઓ અને સગાસંબંધીઓના જીવ તાળવે ચોંટી ગયા છે. ગાંધીનગર અમદાવાદના દર્દીઓ શહેર બહાર પણ અલબત્ત અન્ય શહેરમાં પણ હોસ્પિટલમાં જગ્યા મળી જાય તે માટે દોડતા નજરે પડે છે. શ્વાસ થંભી જાય તે પહેલા દર્દીને હોસ્પિટલના બિછાને પહોંચાડવા મથતા પરિવારજનો આકાશ તરફ કુદરતી ફરિશ્તો મદદે આવે તેની આશ લગાવીને બેઠેલા નજરે પડે છે. સરકારે કરેલી જાહેરાત મુજબ પણ હોસ્પિટલોમાં દર્દીઓને દાખલ કરવામાં ઢીલ થઈ રહી છે. ઓકિસજન અને રેમડેસિવિર ઈન્જેકશનની હોટ ડીમાન્ડ વચ્ચે નાગરિકોના જીવ ગુંગળાઈ રહ્યા છે.

કોરોનાની ભયજનક સ્થિતિના લાંબા દિવસો બાદ પણ હજુ સુધી હોસ્પિટલમાં દર્દીઓને સમાવી લેવાની યોગ્ય વ્યવસ્થા થઈ શકી નથી. ગાંધીનગર અમદાવાદ સહીતના શહેરોમાં યોગ્ય સારવાર માટે બેડ ઉપલબ્ધ થાય તે જ જાણે સાજા થવા બરાબર છે તેવી દયાજનક સ્થિતિ સર્જાઈ છે. ગરીબ અને મધ્યમવર્ગના નાગરિકોએ ડગલે ને પગલે લાચારી કરી પોતાની જાતને કોષવા સિવાય અન્ય કોઈ વિકલ્પ જ બચ્યો ન હોય તેવી સ્થિતિનુ નિર્માણ થયુ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ દર્દીઓ માટે જગ્યા નથી. જયારે ખાનગી હોસ્પિટલોમાં તો કોઈ વાત થાય તેમ જ નથી. ગાંધીનગરમાં ગંભીર દર્દીઓ પણ ખાનગી વાહનો તેમજ એમ્બ્યુલન્સમાં એક થી બીજા શહેરમાં હોસ્પિટલોમાં જગ્યા મળે તે માટે મુઠ્ઠીમાં જીવ લઈ ફરી રહ્યા છે.

## પૂર્વ કલેક્ટર અને ભારતના પૂર્વ વિદેશ સચિવ એલ. માનસિંહનું દિલ્હી ખાતે દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના પૂર્વ કલેક્ટર અને ભારત સરકારના પૂર્વ વિદેશ સચિવ એલ. માનસિંહનું દિલ્હી ખાતે દુઃખદ અવસાન થયુ છે.



ગાંધીનગર જિલ્લાના કલેક્ટર તરીકે તેમણે ગ્રામ વિકાસની પ્રવૃત્તિઓને ખુબ પ્રોત્સાહિત કરી હતી. મૂળ ઓરિસ્સાના વતની એલ. માનસિંહે ગુજરાત સરકારમાં મહત્વના વિભાગોમાં પણ ફરજો બજાવી હતી. આ પછી ભારત સરકારમાં વિદેશ સચિવ જેવી મહત્વની જગ્યા પર તેમણે ફરજ બજાવી હતી.

નિવૃત્તિ પછી તેઓ ઓ.એન.જી.સી.ના ચેરમેનપદે નિયુક્ત થયા હતા. કચ્છમાં આવેલા ભૂકંપ વખતે તેમણે કેન્દ્રમાં રહી અને ગુજરાતને વધુમાં વધુ સહાય મળે તે માટેના સફળ પ્રયાસો કર્યા હતા.

માનસિંહના પત્નિ અનુરાધા માનસિંહ પણ સનદી સેવાઓમાં હતા. આઈ.એ.એસ.ની તાલિમ બાદની પરીક્ષામાં તેમણે મેળવેલ ગુણાંક આજે પણ વિક્રમ છે. શ્રીમતિ માનસિંહે રાજ્યના આયોજન વિભાગમાં લાંબો સમય સેવાઓ આપી હતી આ પછી તેઓ પણ ભારત સરકારમાં પ્રતિ નિયુક્તી પર ગયા હતા.

## શહેરમાં સપ્તાહમાં ત્રીજીવાર વાતાવરણ પલ્ટો

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં કોરોનાની જેમ ગરમીનો મિજાજ પણ ઉગ્ર બન્યો છે. પરંતુ વાતાવરણ પલ્ટાના લીધે ગરમીનો પારો પણ સતત ઉપર નીચે જેવા મળે છે. છેલ્લા એક સપ્તાહમાં સતત ત્રણ વાર વાતાવરણ પલ્ટો જોવા મળ્યો છે. આજે પણ બપોર બાદ અચાનક જ વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. વાદળિયા વાતાવરણના લીધે આકરો તાપ અદ્રશ્ય થઈ ગયો હતો જયારે નગરજનોએ ગરમીમાં પણ રાહત અનુભવી હતી જો કે મહત્તમ તાપમાનમાં કોઈ વિશેષ ફેરફાર જોવા મળ્યો ન હતો. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૪૧.૫ ડીગ્રી નોંધાયુ હતુ.

ગાંધીનગરમાં ગત સપ્તાહની જેમ ફરી આજે એકવાર વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. બપોરના સમયે આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. વાદળિયા વાતાવરણના લીધે બપોરના સમયે નગરજનોએ આકરા તાપથી રાહત અનુભવી હતી. શહેરમાં ચાર પાંચ દિવસો પુર્વે પણ રાત્રિના સમયે અચાનક જ વાતાવરણમાં બદલાવ આવતા ગાંધીનગર આંધીનગર બન્યુ હતુ. રાત્રિના સમયે ધુળની ડમરીઓ ઉડતી થઈ હતી જેના લીધે ચોમેર ધુળની ચાદર પથરાઈ હતી. આજે પણ સવારથી જ વાતાવરણમાં ગરમીનુ જોર વધુ હતુ પરંતુ બપોરના સમયે અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવતા પલવારમાં જ આકરો તાપ અદ્રશ્ય થઈ ગયો હતો. જયારે બદલાતા આકાશી નઝારા વચ્ચે ગરમીનુ જોર પણ ઘટી ગયુ હતુ. સાંજના સમયે પણ આકાશમાં વાદળોનો ઘેરાવ યથાવત રહેતા હવામાન પલ્ટાની અસર યથાવત રહી હતી.

છેલ્લા એક સપ્તાહમાં સતત ત્રીજીવાર મોસમમાં બદલાવ જોવા મળ્યો હતો. ગરમીની સિઝન નિખરી રહી છે. એકબાજુ ગરમીનો પારો ગત ચાર દિવસ પુર્વે પણ રેકર્ડબ્રેક ૪૩ ડીગ્રીએ પહોંચી ગયો હતો જયારે મહત્તમ તાપમાન પણ છેલ્લા ઘણાં દિવસોથી ૪૦ ડીગ્રીને પાર છે. ત્યારે ગઈકાલે પણ ગરમીનુ પ્રમાણ ૪૨.૮ ડીગ્રી રહ્યુ હતુ. જયારે આજે વાતાવરણ પલ્ટાના લીધે ૪૧.૫ ડીગ્રી રહ્યુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૦.૩ ડીગ્રી નીચે ઉતર્યો હતો જયારે લઘુત્તમ તાપમાન ૨૮ ડીગ્રી રહ્યુ હતુ. લઘુત્તમ તાપમાન પણ ઉંચકાતા હવે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં પણ નજીવો તફાવત જોવા મળી રહ્યો છે. વાતાવરણ પલ્ટાના લીધે ગરમીનો પારો વિશેષ નીચે ઉતર્યો નથી પરંતુ વાદળિયા વાતાવરણના લીધે શહેરીજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી.

## જિલ્લામાં આજે અને કાલે વરસાદના હળવા ઝાપટાની સંભાવના

ગાંધીનગર જિલ્લામાં ૨જી અને ૩જી મે ના રોજ હળવો વરસાદ થવાની આગાહી હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૯ માં કરવામાં આવી છે.

૧લી મે થી ૫ મી સુધીની આગાહી કરતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે કે પાંચ દિવસ આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે અને છુટી છવાઈ જગ્યાએ હળવો વરસાદ થવાની શક્યતા છે. મહત્તમ તાપમાન ૪૦-૪૧ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬-૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૩ થી ૬૬ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૯ થી ૧૬ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

## મારુ ગામ કોરોના મુક્ત ગામ બનાવવા કલેકટરશ્રીનું આહ્‌વાન

ગાંધીનગર, તા.૧

રાજયકક્ષાએથી વિડિયો કોન્ફરન્સના માધ્યમથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના રાજયના સરપંચો, તાલુકા- જિલ્લા પંચાયતના પ્રમુખો અને પદાધિકારીઓ સહિત જિલ્લા કલેકટર—જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીઓ સાથે કોરોના સંક્રમણ અટકાવવા સંકલ્પ લેવાની સાથે સરપંચ, તલાટી, આગેવાનોની દશ સભ્યોની કમિટી બનાવી ગ્રામ્ય કક્ષાએ આઈસોલેશનની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ અનુરોધ બાદ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જિલ્લા પ્રમુખ, તાલુકા પ્રમુખો સાથે બેઠક કરીને તેમના નેજા હેઠળના ગામોમાં કોરોના જાગૃતિ સાથે સાથે સરપંચ, તલાટી અને આગેવાનોની ૧૦ સભ્યોની કમિટી બનાવી ગામની શાળાઓ, સમાજની વાડીઓ, તેમજ ખાલી પડેલ મોટા મકાનોમાં અલાયદી આઈસોલેશનની વ્યવસ્થા કરવા અને તેમાં કોરોનાના સામાન્ય લક્ષણો ધરાવતા વ્યક્તિઓને રાખીને તેમની જમવાની, રહેવાની સાથે દવાઓ, આયુર્વેદિક ઉકાળા, માસ્ક તેમજ સેનેટાઈઝરની વ્યવસ્થા કરવા આહ્‌વાન કર્યું હતું.



કલેકટરશ્રીએ જણાવ્યું કે, અગાઉની કોરોના લહેરના સમયમાં આપણે હોમ આઈસોલેશનની વ્યવસ્થા કરતા હતા. અને દર્દીઓને ઘરે રહીને જ દવા, ઉકાળા લઈ આરામ કરવા જણાવતા હતા. પરંતુ આ વખતની કોરોનાની બીજી લહેર ખૂબ ઘાતક હોઈ હોમ આઈસોલેશનથી ઘરના તમામ સભ્યો સંક્રમિત થાય છે. જેની ગંભીરતાને લઈને કોરોના લક્ષણો ધરાવતા તમામને ફેસિલીટી આઈસોલેશન વ્યવસ્થા કરવામાં આવે તે ખૂબ અંત્યત જરુરી છે. ત્યારબાદ ક્રિટીકલ દર્દીઓને ઓક્સિજન બેડની વ્યવસ્થા માટે સિવીલમાં ખસેડવામાં આવે તો સંક્રમણ થતું અટકશે.

કલેકટરશ્રીએ તાલુકા વિકાસ અધિકારીઓ, સરપંચશ્રીઓ પાસેથી સહકાર માંગતા જણાવ્યું કે ,દરેક ગામમાં ધનિષ્ઠ આરોગ્ય ચકાસણી થાય કોઈપણ વ્યક્તિ વેક્સિન લીધા વગરનો રહી ન જાય તથા ગામમાં દરેક જગ્યાએ સોશ્યિલ ડિસ્ટન્સ, ફરજિયાત માસ્ક તથા ગામના પ્રવેશ દ્વારે નાકાબંધી કરી કોઈ બહારનો વ્યક્તિ પ્રવેશ નહી તેની કાળજી રાખવામાં આવે, ચકાસણી થાય અને ગામની જરુરિયાત ઉભી થાય અને બહાર જવાનું થાય તો કમિટી દ્વારા નિર્ણય લઈ વ્યવસ્થા ગોઠવાય તેમ જણાવ્યું હતું.

આ બેઠકમાં ઉપસ્થિત માણસા, દહેગામ, ગાંધીનગર અને કલોલ તાલુકાના પદાધિકારીઓએ પોતાના તાલુકામાં મારું ગામ કોરોના મુક્ત ગામ બનાવવા સંપૂર્ણ સહયોગ આપવા જણાવ્યું હતું.

શ્રધ્ધાંજલિ



સ્વ. ભોળાભાઈ પટેલ

(મહામંત્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન)

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન કડવા પાટીદાર સમાજ, ગાંધીનગરના મહામંત્રી, માં ઉમાના પરમભક્ત, કર્મનિષ્ઠ, સેવાભાવી, પરોપકારી અને સમાજ માટે સમર્પિત એવા આપણાં સહૃદયી

શ્રી ભોળાભાઈ પટેલના

દુઃખદ અવસાનથી સમગ્ર પાટીદાર સમાજ શોકની લાગણી અનુભવી રહ્યો છે. પરમકૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાન્તિ આપે તથા તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એ જ પ્રાર્થના સહ...

ૐ શાન્તિ... ૐ શાન્તિ... ૐ શાન્તિ...

રમેશભાઈ પટેલ

કેપિટલ ઓફસેટ, ગાંધીનગર.

ટ્રસ્ટી : ઉમિયા માતાજી સંસ્થાન, કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર.

પ્રમુખ : બાવીસી કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર.

પ્રમુખ : સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · Jaquar experience bathing · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com